સમાજ સુરક્ષા ખાતાની દિવ્યાંગ ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓના કર્મચારીઓનું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,

હુકમ ક્રમાંક-અપગ/૧૦૨૦૨૦/૩૯૪૪૫૨/છ.૧

સચિવાલય, ગાંધીનગર

તા.૧૫/૦૪/૨૦૨૧.

વંચાણે લીધા:-

(૧) નામદાર હાઈકોર્ટની એસ.સી.એ.નં. ૯૫૧૬/૨૦૧૮ નો તા.૧૨/૧૨/૨૦૧૮ નો ચુકાદો અને તે અન્વયે થયેલ કન્ટેમ્પ્ટ પીટીશન નં: ૪૫૦/૨૦૧૯ તેમજ એસ.સી.એ.નં. ૪૪૬૨ / ૨૦૧૯ નો તા.૦૮/૦૪/૨૦૧૯ નો ચુકાદો અને તે અન્વયે થયેલ કન્ટેમ્પ્ટ પીટીશન નં: ૧૧૯૦/૨૦૧૯ અને એસ.સી.એ.નં. ૭૧૭૧/૨૦૨૦ નો તા.૦૮/૦૬/૨૦૨૦ નો ચુકાદો.

(૨) નાણાં વિભાગનો તા.૧૬/૦૮/૧૯૯૪ નો ઠરાવ ક્રમાંક: પગર/૧૧૯૪/૪૫/મ.

(૩) નાણાં વિભાગનો તા.૧૪/૦૮/૧૯૯૮ નો ઠરાવ ક્રમાંક: પગર/૧૦૯૮/૪૧/મ.

(૪) નાણાં વિભાગનો તા.૦૨/૦૭/૨૦૦૭ નો ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ.

(૫) નાણાં વિભાગનો તા.૧૮/૦૨/૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૦૯-૫૬/પ.એ.(મ).

(૬) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૯/૧૦/૨૦૨૦ નો સરખા ક્રમાંકનો હુકમ.

(૭) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૦૫/૦૨/૨૦૨૦ નો પત્ર ક્રમાંક : અપગ/ ૧૦૨૦૧૮ / ૪૯૪૩૩૦ / છ.૧.

(૮) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૮/૦૭/૨૦૨૦ નો પત્ર ક્રમાંક : અપગ/ ૧૦૨૦૨૦ / ૧૯૪૭૯૮ / છ.૧

(૯) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૨૮/૦૫/૨૦૦૪ નો ઠરાવ ક્રમાંક: મકમ-૧૦૨૦૦૪-ખા-૬૩-છ.

(૧૦) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૩૦/૦૯/૨૦૨૦નો પત્ર જા.નં.અપગ/૨૦-૨૧ /૬૩૩.

હુકમ-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરની પીટીશનોના નામ. હાઈકોર્ટના ચુકાદાઓ અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક (૭) અને (૮) પરના વિભાગોના પત્રોથી આ પીટીશનોના પીટીશનર ગ્રાન્ટ ઈન એઇડ સ્વૈચ્છિક સંસ્થાઓના શિક્ષકો/કર્મચારીઓને ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની સૈધ્ધાંતિક

મંજૂરી આપવામાં આવેલ છે, જે અન્વયે નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૧૦) પરના પત્રથી આ પીટીશનરો પૈકી કુલ-૦૭ પીટીશનરોનું વર્ગ-૧ નું ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવા બાબતે દરખાસ્ત કરવામાં આવેલ. તા.૩૦/૦૯/૨૦૨૦ ના રોજ વંચાણે લીધેલ ક્રમાંક (૯) પરના વિભાગના તા.૨૮/૦૫/૨૦૦૪ ના ઠરાવ અન્વયે અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.) ની અધ્યક્ષ સ્થાને વિભાગના સમિતિ ખંડમાં બેઠક યોજાયેલ હતી. સમિતિ દ્વારા કેસો પરત્વે થયેલ ભલામણો નાણા વિભાગને સમર્થન આપવા દરખાસ્ત કરતાં નાણા વિભાગની ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાની મંજૂરી મળતા વંચાણે લીધેલ (૬) પરના વિભાગના હુકમથી ૨ કર્મચારીઓનું ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવામાં આવેલ છે અને ૨ કર્મચારીઓ બાબતે ૧૨-૨૪ મુજબ ઉચ્ચત્તર પગાર ધોરણની દરખાસ્ત કરવા જણાવેલ છે. બાકી રહેલ ૩ કર્મચારીઓ બાબતે નાણા વિભાગ દ્વારા જરૂરી શરતો સાથે ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા મંજૂરી આપવામાં આવેલ છે, જે અન્વયે નાણા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી (૫) તેમજ નાણા વિભાગના ઉચ્ચતર પગાર ધોરણના વખતો-વખતના ઠરાવોની અનુસૂચિ-૧ મુજબનું પગાર ધોરણ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે સ્પષ્ટતા / શરતો સાથે મંજૂર કરવાનું રહે છે, જે મુજબ ૩ કર્મચારીઓનું તેઓના નામ સામે દર્શાવેલ કોલમ (૪) મુજબ કોલમ (૫)માં દર્શાવેલ તારીખથી ઉચ્ચત્તર પગાર ધોરણ આથી મંજૂર કરવામાં આવે છે.

| ક્રમ | નામ અને હોદ્દો | કયા તબક્કાનું ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર | મળવાપાત્ર પગાર ધોરણ | ઉચ્ચતર પગાર ધોરણ ક્યારથી મળવાપાત્ર |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | શ્રી રોહિતકુમાર જી. ભટ્ટ, આચાર્ય | દ્વિતીય | ૮૦૦૦-૧૩૫૦૦ (વર્ગ-૧) | ૦૧/૦૨/૨૦૦૫ |
| ૨ | શ્રી જયંતિભાઈ એમ. પટેલ, આચાર્ય | દ્વિતીય | ૯૩૦૦-૩૪૮૦૦ (વર્ગ-૧) ગ્રે.પે.૫૪૦૦ | ૨૭/૦૨/૨૦૦૮ |
| ૩ | શ્રી ક્રિષ્ણકાંત ડી. પારેખ, આચાર્ય | દ્વિતીય | ૯૩૦૦-૩૪૮૦૦ (વર્ગ-૧) ગ્રે.પે.૫૪૦૦ | ૦૫/૦૬/૨૦૦૬ |

ઉચ્ચત્તર પગાર ધોરણની યોજનાના નાણા વિભાગના તા.૧૬/૦૮/૧૯૯૪ ના ઠરાવની જોગવાઈ ક્ર.૩(૧) તથા તા.૧૮/૦૨/૨૦૧૧ ના ઠરાવની જોગવાઈ ક્ર.૧ મુજબ ઉક્ત ત્રણેય કર્મચારીઓને ત્રીજુ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર નથી.

ઉક્ત કર્મચારીઓની મૂળ નિમણૂંક સમયે નિમણૂંકની યોગ્ય લાયકાતો તથા તે મુજબ પગાર ધોરણ આપેલ છે કે કેમ તેની જવાબદારી નિયામકશ્રી, સમાજ સુરક્ષાની રહેશે અને તે મુજબ ઉચ્ચત્તર પગાર ધોરણની અન્ય શરતો ચકાસીને ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાના રહેશે.

વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી (૫) પરના તેમજ વખતો-વખતના નાણા વિભાગના ઠરાવની જોગવાઈને આધીન રહીને પગાર બાંધણી અંગેના વિધિસરના હુકમો નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરે કરવાના રહેશે.

ઉક્ત તમામ કર્મચારીઓ પાસેથી "તેઓને મળેલ ઉચ્ચતર પગાર ધોરણ, જો પગાર બાંધણી વખતે કે ત્યારબાદ વધું રકમનું ચુકવણું થયેલ હોવાનું જણાશે, તો તે ચુકવણું પરત કરશે" તે મુજબની લેખિત બાંહેધરી લેવાની રહેશે.

ઉક્ત તમામ ગ્રાન્ટ ઈન એઈડ કર્મચારીઓ સરકારી કર્મચારી જેવા જ લાભો મેળવતા હોઈ, સરકારી કર્મચારીઓને લાગુ પડતાં સેવા વિષયક નિયમો જેવા કે, શિસ્ત અને અપીલ નિયમો, બદલી, રજા, ખાનગી અહેવાલો તથા અન્ય નિયમો સરકારશ્રી નક્કી કરે તે પ્રમાણે બંધનકર્તા રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૦૧/૦૪/૨૦૨૧ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

patelDC

( ડી. સી. પટેલ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (સેવા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સિસ્ટમ મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા સારુ.
- સંબંધિત કર્મચારીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.